# ગુજરાત સરકાર

ક્રમાંક:હદપ/1010/1123/મ
ગૃહ વિભાગ,
2, સરદાર ભવન,સચિવાલય,
ગાંધીનગર.

તા.૧૮/૫/૨૦૧૦

પ્રતિ,.
સર્વે પોલીસ કમિશનરશ્રી,
સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.

વિષય : હથિયાર પરવાનામાં ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધારવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયનાં સંદર્ભમાં જણાવવાનું કે, હાલ સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધારવા માટે ગૃહ વિભાગનાં તા.14-5-2009નાં પરિપત્ર નં. હદપ/1008/3846/મથી નિયત થયેલ ગુજરાતી ચેક લિસ્ટમાં વિગતો મંગાવવામાં આવે છે.

ભારત સરકારનાં ગૃહ મંત્રાલયનાં ત.31/3/2010નાં પત્ર નં. V-11016/16/2009-Arms થી આર્મ્સ લાયસન્સ બાબતે નવી ગાઇડ-લાઇન પ્રસિધ્ધ થયેલ છે, જેમાં પ્રોહીબીટેડ બોર, નોન પ્રોહીબીટેડ બોર હથિયારો, કુટુંબના વારસદારોને હથિયાર લાયસંસ મંજુર કરવા, એમ્યુનીશનનો જથ્થો, એમ્યુનીશનાના વપરશની જાણ, ઓવરસીસ સીટીજન્સ ઓફ ઇન્ડીયાના આર્મ્સ લાયસંસ, લાયસંસમાં **હદ વિસ્તાર રાજ્ય ઉપરાંત વધારવો,** આર્મ્સ લાયસંસ રીન્યુ કરવા, ખામીવાળા કે રીપેર ન થાય તેવા હથિયારોનો નિકાલ કઇ રીતે કરવો, જુના, જપ્ત કરેલા હથિયારોનો નિકાલ અને લાયસંસના ડેટા બેઝ બાબતે કરવાની થતી કાર્યવાહીની કાર્ય પધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. આ પત્ર આ વિભાગનાં તા.28/4/2010ના પત્ર નં.એઆરએમ/1010/જીઓઆઇ/4/મથી આપને જરૂરી કાર્યવાહી સારુ અલગથી મોકલી આપેલ છે.

ભારત સરકારનાં ઉક્ત પત્રનાં **હદ વિસ્તાર બાબતે પારા-7માં સુચના આપી છે જે નીચે મુજબ છે :-**

VII **Area validity of arm licence**

At present, powers have been delegated to the State Government for allowing all India validity of NPB licences at their level. It has been decided that the State Government may allow area validity up to a maximum of three adjoining States and also to consider All India validity requests at State level (i) sitting Union Ministers/MPs, (ii) Personnel of Military, Para Military, (iii) officers of All-India Services and (iv) officers with liability to serve anywhere in India, and (v) Sports persons. All India Validity may be allowed for 3 years, after which it shall be reconsidered by the State Government based on need and the area validity can be either reduced or allowed to continue for another three years. Request from above categories of applications may be approved at the level of Secretary (Home) of the State concerned. In the cases of applicants not covered by the above categories, the State Government shall seek prior concurrence of MHA with full justification in deserving cases. All India validity may be allowed for three years in such cases and shall be re-considered after three years by the State Government with prior concurrence of MHA. The State Government may send data of All India validity on quarterly bases to MHA.

ઉક્ત ફકરાની વિગતો જોતાં, હાલ, એન.પી.બોરના હથિયારોના લાયસન્સનો હદ વિસ્તાર વધારવાની સત્તા રાજ્ય સરકારને આપેલ છે તેના બદલે હવે રાજ્યને અડીને આવેલ મહત્તમ ત્રણ રાજ્યો સુધી નો હદ વિસ્તાર રાજ્ય સરકાર વધારી શકશે. અને રાજ્ય કક્ષાએ નીચે દર્શાવેલ કેટેગરી માટે સમગ્ર ભારત માટે હદ વિસ્તાર વધારી શકશે :-

(1) વર્તમાન કેન્દ્રીય મંત્રીશ્રીઓ/એમ.પી.શ્રીઓ
(2) મિલિટરી/પારા મિલિટરી દળના કર્મચારી ગણ
(3) ઓલ ઇન્ડીયા સર્વિસીસના અધિકારીઓ
(4) એવા અધિકારીઓ કે જેમને સમગ્ર ભારતમાં નોકરીની ફરજ બજાવવાની થતી હોય.
(5) સ્પોર્ટ્સ પર્સન્સ

સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધરીને 3 વર્ષ માટે મંજુર કરવો. ત્યાર બાદ રાજ્ય સરકાર હદ વિસ્તાર વધારવાની જરૂરિયાત ધ્યાનમાં રાખીને હદ વિસ્તાર ઘટાડવા કે ચાલુ રાખવા કે અન્ય બીજા ત્રણ વર્ષ માટે ચાલુ રાખવા અંગે પુનઃ વિચારણા કરશે. ઉપરોક્ત કેટેગરીના અરજદારોની વિનંતી સંબંધિત રાજ્યના સચિવશ્રી(ગૃહ) કક્ષાએ મંજુર કરી શકાશે. ઉક્ત કેટેગરીમાં જેનો સમાવેશ થતો નથી, તેવા જરૂરીયાતમંદ કેસોની સંપૂર્ણ જસ્ટીફીકેશન સાથેની વિગતો સાથે ભારત સરકારની પુર્વ મંજુરી મેળવી ત્રણ વર્ષ માટે સંપૂર્ણ ભારતનો હદ વિસ્તાર વધારી શકાશે અને આ હદ વિસ્તાર ત્રણ વર્ષ માટેનો રહેશે ત્યાર બાદના ત્રણ માટે રાજ્ય સરકાર, ભારત સરકારની પુર્વ મંજુરી મેળવીને હદ વિસ્તાર ઓલ સમગ્ર ભારતનો કરી શકશે.

આ વિભાગમાં 'ઓલ ઇન્ડીયા"નો હદ વિસ્તાર વધારવાની દરખાસ્તો પડતર છે તેવા તથા કેટલાંક કેસોમાં વિગતો મંગાવી છે તેવી હવે પછી આવનાર નવી દરખાસ્તોમાં ભારત સરકારની ઉક્ત ગાઇડનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધારવા અંગેનાં જરૂરિયાતમંદ કેસોની સંપૂર્ણ જસ્ટીફીકેશન સાથેની વિગતો સાથે ભારત સરકારની પુર્વ મંજુરી મેળવવાની હોવાથી હાલમાં વિભાગ તરફથી તા.14-5-09ના પરિપત્ર નં. હદપ/1008/3846/મ સાથે મોકલાવેલ ગુજરાતી ચેક લિસ્ટમાં વિગતો મંગાવવામાં આવે છે તેનું અંગ્રેજી ભાષામાં રુપાંતર કરી આ સાથે આપના તાત્કાલિક સંદર્ભ સારુ સામેલ રાખેલ છે. આથી, **હવે પછી મોકલવાના થતા કેસોની માહિતી અચૂકપણે અંગ્રેજી ચેક લિસ્ટમાં જ મોકલવાની રહેશે. વધુમાં આ ચેકલિસ્ટના યોગ્ય કોલમમાં જિ.મે.શ્રી/પો.ક.શ્રીના, જિ.પો.અ.શ્રીના સ્પષ્ટ અભિપ્રાય અચૂક સામેલ કરવા જેથી તે ચેકલિસ્ટ અસલમાં ભારત સરકારને મોકલી શકાય** અને બિન જરૂરી પુન:પૃચ્છાઓ ન ઉદભવવા પામે.

આપનો વિશ્વાસુ,

(કિશોર મોઢા)
સંયુક્ત સચિવ,
ગૃહ વિભાગ.

બિડાણ :ઉપર મુજબ.

**નકલ** :-
સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
શાખા સિલેક્ટ ફાઇલ.

| | | | |
|---|---|---|---|
| | (a) | Purpose of licence sanctioned | |
| | (b) | Sanctioning authority | |
| | (c) | Area validity | |
| | (d) | Date of taken over of licence : | |
| 5 | **If licensee is in possession of more than, the details thereof should be furnished below** | | |
| | (a) | Licence No. | |
| | (b) | Purpose (crop protection/self protection/sports/other) | |
| | (c) | Description of weapon : | |
| 6 | **Details of profession of the licensee** | | |
| | (a) | Address of business | |
| | (b) | Details of business (type of business) | |
| | (c) | Addresses of branch offices etc. | |
| | (i) | In case of Government/Semi Government servant, Name and address of his/her office and No Objection Certificate of Head of Department for extension of area validity of arms license | |
| | (ii) | Documentary evidences of ownership/partnership of business in case of businessmen | |
| | (d) | Income-tax returns of last three years and profit and loss account statement. | |
| | (e) | Purpose of traveling in other States | |
| | (f) | Risk factors involved while traveling in other States | |
| | (i) | Places to visit during journey in other States | |
| | (ii) | Journey proofs of other States, like journey tickets and authentic proofs of stay for last two years. | |
| | (iii) | Attach copies of journey permits sanctioned by the licensing authority. | |
| 7 | **Details of Area validity :<br>Reasons and demands for the area (give names of adjoining states or All India.** | | |
| 8 | **Original prescribed application is attached or not ? (Send applicant's original application form with documents)** | | |
| 9 | **If any criminal cases, prosecutions or court** | | |

**For Office use only.**

**Checklist for extension of area validity beyond Gujarat State to adjoining states/All India (except Jammu and Kashmir State)**

| | | | |
|---|---|---|---|
| 1 | **Details of licence holder** | | |
| | (A) | Name and address | |
| | (i) | Residential proofs i.e. Copy of :- Ration Card, Election card, PAN Card, Driving licence, Electricity bill, Vehicle registration book, Telephone bill, Mobile bill etc. | |
| | (ii) | Full address of native place | |
| | (B) | Age : | |
| 2 | **Details of arms license :** (Copy of arm license/Original arm license is attached herewith duly renewed) | | |
| | (a) | License Number: | |
| | (b) | Purpose of license : (Crop protection/Self protection/sports/other) | |
| | (c) | Date of issue of original licence | |
| | (d) | Licensing authority | |
| | (e) | Date of purchase of weapon :<br>(1) Description of weapon and name of company<br>(2) Body number.<br>(In accordance with GOI, Home Ministry's directive instructions of the letter dated. 4.7.89. Proposal should be sent after the purchase of the weapon as per the licence sanctioned.) | |
| | (f) | Type of weapon : (Prohibited/Non prohibited /Non service pattern | |
| | (g) | License renewed up to the date : (If the renewal date of the licence is less than 60 days, the proposal should be sent after the renewal of the licence) | |
| 3 | **Existing Area validity of licence :** | | |
| 4 | **In case of the licence sanctioned from other State, details of the licence taken over to Gujarat :** | | |

| | | | |
|---|---|---|---|
| | **matters are pending against licence (If yes, give details)** | | |
| 10 | **Opinion of regional Officers for area extension** | | |
| | (a) | **For District area** | |
| | (i) | Clear opinion of Police Superintendent (Recommended/Not recommended with reasons) | |
| | (ii) | Clear opinion of District Magistrate (Recommended /Not recommended) with reasons) | |
| | (a) | **For the Police commissioner ate area :** | |
| | (i ) | Clear opinion of Police Commissioner : (Recommended /Not recommended) with reasons) | |
| | | **District Magistrate/Police Commissioner** | |